R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

ESTD.YEAR- 19•ISSUE: 50 DATE: 12-12-2015•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

## નેશનલ હેરાલ્ડના કેસમાં કોગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધી અને ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીને સાણસામાં લેવા કવાયત શરૂ

નેશનલ હેરાલ્ડના કેસમાં કોગ્રેસ અધ્યક્ષા શ્રીમતી સોનિયા ગાંધી અને ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીને કોર્ટમાં હાજર થવા માટે નોટિસ પાઠવી દેવાઈ છે.કોર્ટે બંન્ને નેતાઓને કોર્ટમાં વ્યક્તિગત હાજરીમાંથી મુક્તિ આપવાનો ઈન્કાર કરી દીધો છે.હવે આ નેશનલ હેરાલ્ડ કેસમાં શું છે તે બાબતે જોઇએ તો ધ એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડ નેશનલ હેરાલ્ડ અખબારની માલિક કંપની છે.કોગ્રેસે ર૬ ફેબ્રુઆરી ૨૦૧૧ના રોજ કંપનીના રુપીયા ૯૦ કરોડના દેવાની જવાબદારી લીધી હતી.એટલે કે કંપનીએ ૯૦ કરોડની લોન આપી હતી.ત્યારબાદ રુપીયા પાંચ લાખના રોકાણ સાથે યંગ ઈન્ડીયન કંપની બનાવવામાં આવી હતી.જેમાં સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીની ૩૮-૩૮ ટકા ભાગીદારી છે.બાકીના ૨૪ ટકા ભાગીદાર કોગ્રેસના નેતા મોતીલાલ વોરા અને ઓસ્કાર ફર્નાડીઝ પાસે છે.કંપનીએ રુપીયા ૧૦ની કિમતના શેર ૯ કરોડ શેર કોગ્રેસને આપી દીધા હતા જેના બદલામાં યંગ ઈન્ડીયાએ કોગ્રેસને લોન ચુકવવાની હતી. ૯કરોડ શેર સાથે છ યંગ ઈન્ડીયન કંપનીના ૯૯ ટકા શેર મળી ગયા હતા.ત્યારબાદ કોગ્રેસે ૯૦ કરોડની લોન માફ કરી દીધી હતી. આમ યંગ ઈન્ડીયનને



મફતમાં જ ધ એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડની માલિકી મળી ગઇ હતી.જેને સુબ્રમણયમ સ્વામીએ કોર્ટમાં પડકારી હતી.

ભાજપના નેતા સ્વામીનો આરોપ છે કે આ સમગ્ર ગતિવિધિમં હેરાલ્ડ હાઉસની દિલ્હીના બહાદુરશાહ ઝફર માર્ગ પર આવેલી રુપીયા ૧૬૦૦ કરોડની ઈમારત પર કબજો જમાવવા કરાઇ છે.એક કાવતરાં અંતગર્ત યંગ ઈન્ડીયને ધ એસોસીએટેડ જર્નલ્સ લી.ની સંપત્તિનો અધિકાર અપાયો છે.સ્વામીએ રુપીયા ૯૦ કરોડના પ્રકરણમાં હવાલા કારોબારની શંકા વ્યક્ત કરી છે. સ્વામીએ આરોપ મુક્યો છે કે હેરાલ્ડ હાઉસને કેન્દ્ર સરકારે અખબાર ચલાવવા માટે જમીન આપી હતી.તેથી તેઓ તેનો ઉપયોગ વ્યવસાયિક અધારે કરી શકે નહીં.

જો કે હવે નેશનલ હેરાલ્ડના મુદ્દે સરકારની સામે સંસદમાં વિપક્ષો અને ખાસ કરીને કોગ્રેસે ભારે દેકારો બોલાવ્યો છે.જેમાં સરકાર પર આક્ષેપ કરવામાં આવ્યો છે કે સરકાર વિપક્ષી નેતાઓને ભીડવવા માટે આ પ્રકારનો ખેલ ખેલી રહી છે.જો કે સંસદને વિપક્ષે ઠપ્પ કરી દીધી છે. અને ભાજપના નેતાઓએ તેમની ભાર હૈયાવરાળ ઠાલવવા માંડી છે.દેશની સંસદ નહી ચાલે તો દેશના અગત્યના કાર્યો થઇ શકે તેમ નથી. જો કે વડાપ્રધાને આ બાબતે કહ્યુ છે કે વિપક્ષ ચુંટણીમાં હારી ગયો છે તેના પ્રત્યાઘાત રુપે સંસદ ચાલવા દેતો નથી.કોગ્રેસ અધ્યક્ષાએ સરકાર સામે પડકાર ફેક્યો છે અને કહ્યું છે કે હું ડરવાની નથી.તમે રાગદ્વેષથી અમારી સામે કોઈપણ કાર્યવાહી કરો તો પણ અમે તેનો મુકાબલો કરીશું.

જો કે કોગ્રેસે કેન્દ્ર સરકારની વિપક્ષોને સાણસામાં લેવાની નીતિને બરાબર ટક્કર આપવાની વાત કરી છે. અને જરુર પડશે તો કિન્નાખોરીના પગલાંને શેરીઓમાં લઈ જવાશે

## બ્રિટન પર વર્ષનું સૌથી ખતરનાક 'ડેસ્મન્ડ' વાવાઝોડું ત્રાટક્યું

બ્રિટનની હવામાન કચેરીએ સમગ્ર બ્રિટનમાં રેડ વોર્નીંગ આપી છે.એપલબાય અને કેમ્બ્રિયા પહેલેથી જ પુરગ્રસ્ત છે.જેથી એડન નદીમાં ભંગાણ પડવાથી શેરીઓમાં કમર સુધી પાણી ભરાયાં છે.એન્વારમેન્ટ એજન્સી દ્વારા ૧૫૦થી વધારે પુરની ચેતવણીઓ આપવામાં આવી જેમાં નદીઓ તુટવાના આરે હોવાનું જણાવાયુ છે.હવામાનમાં અત્યંત ખરાબીના કારણે બધી ફ્લાઈટ્સ ડબલિન એરપોર્ટ પર ઉતરાણ કરાવામાં આવી છે અને મોટરચાલકોને આગામી બે દિવસ સુધી સમગ્ર બ્રિટનમાં ગંભીર રીતે વિલંબ થવાની ચેતવણી આપી છે.ગ્લાસગોમાં માર્ગો સંપુર્ણપણે પુરગ્રસ્ત થયાં છે.જ્યાં ઠેરઠેર વાહનો અકસ્માતગ્રસ્ત તેમજ ફસાયેલા જોવા મળે છે.એન્વાયમેન્ટ એજન્સી દ્વારા ૮૦ માઇલની પ્રતિ કલાકે ઝડપે પવન ફુંકાવાની અને ૮ ઈંચ સુધી વરસાદ પડવાની આગાહી કરી છે.બ્રિટનનું વર્ષનું સૌથી ખતરનાક વાવાઝોડું છે.

## બાંગ્લાદેશમાં મંદિરમાં થયેલ સીરીયલ બ્લાસ્ટમાં ૧૦ લોકો ઘાયલ

બાંગલાદેશના દિનાજપુર જિલ્લામાં આવેલ કાંતાજી મંદિર પર સીરીયલ ક્રુડ બ્લાસ્ટ થયા હતા.આ બ્લાસ્ટમાં ૧૦ લોકો ઘાયલ થયા હતા.જેમાંથી ત્રણની સ્થિતિ ગંભીર છે.પોલીસે અત્યાર સુધીમાં આ બાબતે પાંચ લોકોની ધરપકડ કરી હતી.જ્યારે આ બ્લાસ્ટ થયા ત્યારે મંદિરમાં રાસમેલા નામનો ધાર્મિક કાર્યક્રમ ચાલી રહ્યો હતો.અને તેમાં ભાગ લેવા સેકડો લોકો હાજર હતા.પોલીસસુત્રોના જણાવ્યા મુજબ કેટલાક દિવસો પહેલાં આ મંદિરમાં પુજારીઓને કોઈપણ ધાર્મિક કાર્યક્રમનું આયોજન ન કરવા માટે ધમકી મળી હતી.આ મંદિર બાંગલાદેશની રાજધાની ઢાકાથી ઉત્તરે ૪૧૫ કી.મી. દુર છે.આ સ્થળે ગત મહિને એક ઈટાલિયન ડોકટરને ગોળી મારી ઘાયલ કરવામાં આવ્યો હતો.અગાઉ આંતકવાદી સંગઠન ઈસ્લામિક સ્ટેટ દ્વારા એક ઈટાલીયન અને એક જાપાની નાગરિકની હત્યા કરવાનો દાવો પણ કરાયો હતો.બાંગલાદેશ મુસ્લીમ વસ્તી ધરાવતો દેશ હોવા છતાં અહીં હિંદુ પર બોંબથી હુમલો થવો એ ખુબજ અપવાદરુપ ઘટના છે.

## કોમન સીવીલ કોડ અંગેની અરજી સુપ્રીમે ફગાવી દીધી

દેશમાં કોમન સીવીલ કોડ લાગુ કરવા અંગેની સુપ્રીમ કોર્ટમાં એક જાહેર હિતની અરજી દાખલ કરવામાં આવી હતી.અરજીમાં જણાવાયું હતું કે કોર્ટ કેન્દ્ર સરકારને નિર્દેશ કરે કે ટુંક સમયમાં કોમન સિવિલ કોડ અમલી બનાવવામાં આવે.સુપ્રીમ કોર્ટના વકીલ અશ્વિન ઉપાધ્યાય દ્વારા આ અરજી દાખલ કરવામાં આવી હતી. આ અરજીમાં જણાવાયું હતું કે ઝડપથી કોમન સિવિલ કોડને લાગુ કરવામાં આવે. કારણ કે તેમાં જ આધુનિક રાષ્ટ્રનું હિત રહેલું છે.આ લાગુ કરવાથી જ ખ્યાલ આવશે કે દેશમાં ધર્મ,જાતી અને વર્ણના આધારે કરવામાં આવેલા ભેદભાવ દુર થયા છે.સુપ્રીમ કોર્ટે અરજી ફગાવતા જણાવ્યું હતું કે આ મુદ્દે કોર્ટ કંઇ કહી શકે તેમ નથી.આ બાબતનો નિર્ણય સંસદમાં લેવાવો જોઇએ.દેશમાં કટ્ટર હિદુત્વવાદ ને દાખલ કરવા માટેના યેનકેન પ્રયત્નો ચાલી રહ્યા છે.અને સરકારને આવા મુદ્દાઓ ઉભા થાય તેમાં રસ છે તો જ અન્યો જેઓ બિનસાંપ્રદાયકતાના બંધારણમાં માને છે તેમને અકળાવીને તેમને પાઠ ભણાવી શકાય.ઘર વાપસી,લવ જેહાદ અને ગૌમાંસના મુદ્દાઓ સાથે કોમન સીવીલ કોડ પણ સંકળાયેલ છે જે હજુ સુધી સત્તાવાર રીતે બહાર આવ્યો નથી.પરંતુ તેને કોઇપણ પ્રકારે બહાર લાવવા પ્રયત્નો થઇ રહ્યા છે.

## એશિયામાં છેલ્લા દસ દિવસમાં ચાર ધરતીકંપના આંચકા આવ્યા

મધ્ય એશિયામાંના તાજિકસ્તાનમાં ઉદ્ભવેલા ૭.૨ તીવ્રતાના શક્તિશાળી ભુકંપને લીધે દિલ્હી સહિત ઉત્તર ભારતના મોટાભાગના રાજ્યોને ધ્રુજાવી દીધા હતા.ભુકંપનો આંચકો કિર્ગિસ્તાન,કજાકસ્તાન,અફઘાનિસ્તાન સાથે ભારત અને પાકિસ્તાનમાં પણ અનુભવાયો હતો.જમ્મુ કાશ્મીર ,યુપી,પંજાબ અને હરિયાણામાં પણ આંચકો મહસુસ કરાયો હતો.

## શિવસેનાએ રામમંદિરના મુદ્દે વડાપ્રધાન મોદી પર નિશાન તાક્યું

શિવસેના દ્વારા ભારતીય જનતા પાર્ટી તેમજ તેમના નેતાઓ પર વિવિધ મુદ્દે નિશાન તાકવામાં આવે છે.તેઓ મહારાષ્ટ્રમાં સરકારમાં બીજેપી સાથે સાથી પક્ષ તરીકે સરકારમાં છે પરંતુ તેઓ એકપણ તક બીજેપીને નિશાન બનાવવાની છોડતા નથી.તાજેતરમાં સામના જે શિવસેનાનું મુખપત્ર છે તેમાં ઉદવ ઠાકરેએ તંત્રીલેખમાં વડાપ્રધાનને નિશાન બનાવતાં લખ્યું છે કે જો અયોધ્યામાં રામમંદિર બનશે તો વડાપ્રધાન મોદીની લોકપ્રિયતામાં ચાર ચાંદ લાગી જશે.તેમણે લખ્યુ છે કે હાલમાં માત્ર લઘુમતિઓના હિતમાં જ કાર્યો થાય છે.જો રામમંદિર બનશે તો હિંદુઓની લાગણી સંતોષાશે અને કંઇક અંશે સરકાર તેમનું કાર્ય કરતી હોવાની ભાવના અનુભવશે.હાલમાં ભાજપ પાસે લોકસભામાં ૨૮૦ સાંસદોનુ પીઠબળ છે.જે બહુમતી કરતાં પણ વધુ છે.આથી હિંદુઓ સામાન્ય રીતે એમ માની રહ્યા છે કે તેમનો અવાજ સરકાર સાંભળશે અને તેમની લાગણીઓની કદર કરશે.

ઉધ્ધવ ઠાકરે જણાવ્યું છે કે ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહે અગાઉ કહ્યુ હતું કે જો ભાજપના ૩૮૦ સભ્યો સંસદમાં ચુંટાઈ આવશે તો રામમંદિરનું નિર્માણ થશે.પરંતુ તેઓ ભુલી ગયા છે કે ફક્ત ગણ્યાગાંઠ્યા સંસદ સભ્યો હોવા છતાં ભાજપે અયોધ્યામાં રણટંકાર કર્યો હતો.બાબર એ મુસલમાનોનો કોઇ સગો નહોતો તેમજ સરકારનો કોઇ સગો નથી તો હવે અયોધ્યામાં રામમંદિર બાંધવા સામે તેમને શું વાંધો છે.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

હાલમાં ભારતની વિદેશ નીતિ કેવા પ્રકારની છે તે નક્કી કરવું મુશ્કેલ છે.એક બાજુ એવું જાહેર કરવામાં આવે છે કે દેશની સરહદો પર જે વાતાવરણ છે તેના કારણે પાડોશી દેશ સાથે કોઇપણ પ્રકારની વાતચીત થઇ શકે નહી.વારંવાર પાકિસ્તાનને દેશના નેતાઓ દ્વારા ચેતવણી આપવામાં આવે છે.પાકિસ્તાન તરફથી પણ એવા જ પ્રકારનુ વર્તન દેખાડાય છે.પાકિસ્તાન અણુંબોંબની ધમકી પણ આપે છે.તેથી સ્પષ્ટ પણે એવું માની શકાય કે આવા વાતાવરણમાં કોઇપણ પ્રકારની શાંતિ વાર્તા શક્ય બની શકે નહીં. વડાપ્રધાનના વિદેશ પ્રવાસોમાં જ્યાં વિશ્વ નેતાઓની મીટીંગો થતી હોય તેમાં જતાં પહેલા જ અખબારોને બ્રીફીગં કરી દેવાય છે કે આપણા વડાપ્રધાન કોઇપણ સંજોગોમાં પાકિસ્તાનના વડા પ્રધાનને મળશે નહી કે વાતચીત કરશે નહી.પરંતુ ત્યાં જઇને આખી વાત બદલાઇ જાય અને આપણા વડાપ્રધાન પાકિસ્તાનના વડાની સાથે ખુશનુમા વાતાવરણમાં ચર્ચા કરે.સરહદો પર જે કાંઇ બની રહ્યું છે તે બાબતની ગંધ સરખી ના આવે.

રાતોરાત વિદેશ પ્રધાન પાકિસ્તાનની મુલાકાતે પહોચી જાય.સમજમાં એ બાબત નથી આવતી કે વિદેશ નીતિમાં એકાએક ફેરફારો રાતોરાત કેમ થઇ જાય છે.વિદેશનીતિ એ દેશની આબરુ છે. તેમાં સૈધ્ધાન્તિક રીતે અપનાવેલ બાબતોમાં નજીવા ફેરફારો શક્ય છે પરંતુ ધરમુળમાંથી જ ફેરફારો કરી દેવાય તો એ બાબતે કશું સમજી શકાય તેમ નથી.વિદેશ પ્રધાન પાકિસ્તાન જઇ આવ્યા પરંતુ તેમણે ત્યાં શું અને કઇ સૈધ્ધાન્તિક બાબતો અને પ્રશ્નો પર ચર્ચા કરી તેનું કંઇ પણ જાણવા મળતું નથી.

## મંતવ્ય

ભારત અને સાઉથ આફ્રિકાની વચ્ચે ચાર ટેસ્ટ,વનડે અને ૦-૨૦ની મેચો રમાઇ.વનડે અને ૨૦-૨૦માં સાઉથ આફ્રિકાની ટીમનો દબદબો રહ્યો.પરંતુ ટેસ્ટ ક્રિકેટમાં ભારતે રેકોર્ડ તોડ વિજયો મેળવ્યા.ખરેખર ઘણા બધા વખત બાદ ભારતની ધરતી પર ભારતના સ્પીનરોનો જાદુ ચાલ્યો.અશ્વિન અને જાડેજાની જોડીએ કમાલ દેખાડી.આ ઉપરાંત ભારતના ઝડપી બોલરો પણ સારી એવી બોલીંગ કરી.પરંતુ અશ્વિન અને જાડેજાએ સાઉથ આફ્રિકાના બેટ્સમેનોની આકરી પરીક્ષા કરી.સાથે સાથે એક વધુ બાબત એ પણ નોધવી પડે કે સ્પીન આક્રમણની સામે કેવી રીતે ધીરજ પુર્વક રમાય તે ભારતીય બેટ્સમેનોએ બતાવી આપ્યું. કોહલી,પુજારા અને રહાણેએ ધારદાર બેટીંગ કરીને પોતાનું કૌવત દેખાડી દીધુ. આ ઉપરાંત છેલ્લી ટેસ્ટમા બેઉ દાવમાં સદી નોધાવવાનો રેકોર્ડમાં પોતાનું નામ નોધાનાર રહાણેની બેટિંગને દાદ દેવી પડે તેમ હતી.જેના માટે અગાઉ એમ કહેવામાં આવ્યુ હતું કે રહાણે છેડો બદલવામાં પાછો પડે છે માટે તેને સ્થાન આપવું યોગ્ય નથી.એમ કહીને પણ તેને ટીમની બહાર રખાયો હતો.પરંતુ હવે પસંદગીકારો માટે રહાણેએ પોતાની ક્ષમતા પુરવાર કરી દીધી છે.

નજીકના ભવિષ્યમાં ભારતની ટીમ ઓસ્ટ્રેલીયાનો પ્રવાસ કરશે અને ત્યારબાદ ઘર આંગણે ૨૦-૨૦નો વિશ્વકપ રમશે. ઓસ્ટ્રેલીયાની ટીમનું હાલનું પ્રદર્શન જોતાં તેની પેસ બેટરી વિશ્વના તમામ બેટ્સમેનોને મુશ્કેલીમાં મુકી શકે તેમ છે. ભારતના બેટસમેનોની ઓસ્ટ્રેલીયાની ફાસ્ટ વિકેટો પર ટેકનીકની ચકાસણી થશે.તેમજ આવનારા દિવસોમાં વિશ્વ કપ માટે તેમને યોગ્ય પ્રેકટીસ પણ મળી શકશે.પસંદગીકારો વિશ્વકપ માટે કેવા ખેલાડીઓની ઘોષણા કરશે તે ઓસ્ટ્રેલીયાના પ્રવાસ બાદ નક્કી થશે. રોહિત કે.શાહ


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332



★ નીલા ફાઇનાન્સ ★
આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
નીલા સી.ગામડીયા
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨


# જખ્મ ગમે તેટલો ઊંડો કેમ ન હોય, સમય તેનો શ્રેષ્ઠ ઉપચાર છે.

સંબંધની જટિલતાનો તાગ કોઇ પામી શક્યું નથી.સંબંધ બંધાય કે તુટે ત્યારે સંજોગો સબંધિત માણસના હાથમાં નથી હોતા.સત્તર વર્ષની તરુણી અડતાલીસ વર્ષની ઉંમરના એક પરિણીત ટ્યુશન સરના પ્રેમમા(?)પડી.સંબંધ ત્રણ વર્ષ ચાલ્યો.સરે ત્યાર પછી આ છોકરી સાથેના સંબંધ તોડી નાંખ્યો. જીંદગીમાં નવું પાત્ર પ્રવેશે એટલે જુનાને રુખસદ આપવી પડે ! તરુણીએ પ્રૌઢ શિક્ષકની પાછળ રડવામાં છ મહિના બગાડ્યા અને પછી આત્મહત્યાનો નિર્ણય લીધો.એટલું સારુ થયું કે એણે ટ્યુશન સર સાથેની લફરાંબાજીથી માંડીને આત્મહત્યાના નિર્ણય સુધીની તમામ વાતો પપ્પા-મમ્મીને ભુલોના એકરાર સાથે કરી દીધી.પપ્પા સમજાવી પટાવીને વહાલી દીકરીને કાઉન્સેલીગમાટે અમારી પાસે લઇ આવ્યા. અમે એ છોકરીને બે વાતો સફળતાપુર્વક સમજાવી : એકતો એ પિતાજીની ઉંમરનો પરિણીત શિક્ષક પોતાની પત્નીને વફાદાર ન રહ્યો તો તેને પકડીને આખી જીંદગી બેસી રહેશે એવું તે કઇ રીતે માની લીધું ? ટ્યુશન સરના બે સંતાનો કોલેજમાં ભણે છે જે તારી જ ઉંમરના છે છતાં પિતાની ઉંમરના એ શિક્ષકે તેને ફસાવી આવું વિકૃત માનસ ધરાવતા શેતાનની પાછળ કિંમતી જીવન વેડફી નાંખવાનું યોગ્ય છે ?એ પ્રશ્ન પણ ભારપુર્વક વારંવાર દોહરાવ્યો. ગુમરાહ થયેલી કન્યાને બીજી સલાહ એ આપી કે આત્મહત્યા માટે એક વર્ષ થોભી જવું અને રોમિયો સરને મેસેજ મોકલાવો કે આપની બેવફાઇને કારણે હું આત્મહત્યા કરવા જઇ રહી છું. છેવટે, અમારી અપેક્ષા હતી એજ પ્રમાણે બન્યું.ટ્યુશન સરે નફ્ફટાઇથી જણાવી દીધું : અમારે તો વર્ષ બદલાય અને નવો બેચ આવે એટલી જુની છોકરીઓને કાઢવી જ પડે, તું નસીબદાર છે કે તને ત્રણ વર્ષ સુધી નિભાવી ! આ જવાબ મળ્યા પછી છોકરીને ડહાપણની દાઢ ફુટી અને આત્મહત્યાનો નિર્ણય લગભગ પડતો મુકાયો. જખ્મ ગમે તેટલો ઊંડો કેમ ન હોય, સમય તેનો શ્રેષ્ઠ ઉપચાર છે.

આત્મહત્યા માટે એક વર્ષ થોભી જવાની અમારી સલાહ કારગત નિવડી.એક વર્ષમાં તો એ છોકરી લંપટ સરને બિલકુલ ભુલી ચુકી હતી.ઉપરોક્ત કિસ્સાના સુચિતાર્થે ચર્ચવાનું પ્રસ્તુત ગણાશે.જીંદગીના સંબંધો રચવાની અને તુટવાની ઘટમાળ ચાલ્યા જ કરવાની.અમેરિકામાં યુવાન-યુવતીઓને બ્રોકન હાર્ટ ને કેમ સાચવવું તેની તાલીમ આપવામાં આવે છે.હું તો એમ કહું છું કે સંબંધ ભલે તુટે પરંતુ હૃદય શા માટે તુટે? જો માણસ સંબંધ બાંધતી વખતે કાળજી ન રાખે તો સંબંધ તુટવાની દુર્ઘટના બને જ બને.જ્યારે કોઇ સંબંધ સ્વાર્થની બુનિયાદ પર રચાયેલો હોય ત્યારે તુટવા માટે સ્વાર્થ સધાય તેની રાહ જોતો હોય છે.સંબંધોનું શાસ્ત્ર એક વાત સમજાવે છે કે જીંદગીમાં આત્મીય સંબંધો ખુબ ઓછા માણસો સાથે હોઇ શકે.આવા સંબંધને સાચી રીતે, સાચા અર્થમાં ઓળખી કાઢવા ઘટે.આત્મીય સંબંધ તુટે તો તેની પાછળ આત્મહત્યા કરવાનું સાર્થક ગણાય.પરંતુ આત્મીય સંબંધ એ છે કે જે કદી તુટતો નથી.કોઇને કોઇ બહાને તુટી જતો સંબંધ કદી આત્મીય હતો જ નહી એટલું સમજાઇ જાય તો એવા ફટકીયા મોતી જેવો સંબંધ પાછળ રડવાનો કે મરવાનો પ્રશ્ન ઉદ્ભવે નહી.કોઇની પણ સાથેનો સંબંધ આપણે કારણે ન તુટે તેની કાળજી રાખીએ. સંબંધની માવજત લેવામાં હૃદયની વિશાળતા મદદરુપ થાય તો, ભુલી જાઓ અને માફ કરો ની નીતિ અપનાવવી જોઇએ.આપણી ભુલ માટે ક્ષમા પામવાની યોગ્યતા તો મેળવીએ છીએ.જીંદગીમાં આપણી ભુલને માફ કરનારાઓની લાંબી યાદી બની શકે તે ભુલવું ન જોઇએ.આત્માય સંબંધમાં ગેરસમજ ઊભી થાય કે તિરાડ પડે ત્યારે આપણા પક્ષે એ ગેરસમજ દુર થાય તે માટે શ્રેષ્ઠ પ્રયત્નો થવા જોઇએ.સંબંધ સાચવવા માટે પુરતા પ્રયત્નો પછી કોઇ સંબંધ તોડે તો તેમાં આપણી કોઇ જવાબદારી ઉભી થતી નથી.એવા સંબંધને ભલુ થયું ભાંગી જંજાળ.... એવા ઉદ્ગાર સાથે ભુલી જવામાં શાણપણ છે.કોઇની સાથે આપણો સંબંધ તુટે ત્યારે કેટલાંક પારકી પંચાતમાં રાચનારાઓને તાળી પાડવાની અને ખુશી મનાવવાની તક મળી જાય છે.પરંતુ આવી બધી ચર્ચાઓની પણ શાંત ચિત્તે ઉપેક્ષા કરવી.આધુનિક યુગના માણસો સંબંધોના ગાઢ જંગલમાં વસે છે તેથી એકાદ સંબંધ વધેઘટે તેની ચંતા શાને કરવી ? કમનસીબે, સંબંધ તુટે ત્યાર પછી કઇ રીતે વર્તવું તેની શિસ્ત ખુબ ઓછા માણસો પાસે જોવા મળે છે.સંબંધ શાસ્ત્રના તજજ્ઞો ભારપુર્વક એવી સલાહ આપે છે કે જેમની સાથે સંબંધ તુટી ગયો હોય એમનું નામ કદી હોઠ પર લાવવાની ભુલ ન કરવી.

સંબંધ તુટ્યા પછી બંન્ને પક્ષો એકબીજાને ગાળો ભાંડવાની સ્પર્ધામાં ઉતરે ત્યારે કેવા ભુંડા લાગે છે. કેટલાક અસામાજિક તત્વોને અહીની વાતો ત્યાં અને ત્યાંની વાતો અહીં ઠાલવવામાં પિશાચી આનંદ મળતો હોય છે.તેઓ તેમને સામે ચાલીને પુછશે,ફલાણાભાઇ સાથે તમારે કંઇ વાકું પડ્યું છે, કેમ સંબંધ તુટી ગયો ?તમે કેટલા ભલા માણસો છો, એ છે જ બદમાશ... આપણે સમજી જવાનું કે ખલનાયક અગ્નિમાં ઘી હોમવાની કોશીસ કરી રહ્યો છે.મૌન ધારણ કરીને એમને પરાજિત થવા દો.એક સમયે જેમની સાથે ખુબ સારો સંબંધ હતો એમનું અને સંબંધનું ગૌરવ જળવાય એમાં જ આપણી શોભા છે.વળી જે ગામ જવું નથી એ ગામનું નામ શા માટે લેવાનું ? ઉપરોક્ત કિસ્સાનો સૌથી મહત્વનો સુચિતાર્થ એ છે કે આપણાં સંતાનોને કોની સાથે કેવો અને કેટલી સંબંધ બંધાય તેની ઘનિષ્ઠ તાલીમ મળવી જોઇએ. જીંદગીમાં કોઇ સંબંધ એટલો મહત્વનો ન હોઇ શકે જેની પાછળ આત્મહત્યા કરવાની જરુરીયાત ઉદ્ભવે. આટલી વિશાળ દુનિયામાં એકાદ માણસ સાથેનો સંબંધ તુટે તો શો ફેર પડવાનો છે ?કોઇ એક તુટી ગયેલા સંબંધ પાછળ રડવાનીયે મનાઇ છે. આત્મહત્યા કરવાનો તો પ્રશ્ન જ ક્યાં ઉદ્ભવે છે?

વિશ્વામિત્ર(સૌ.સંદેશ)


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.
અમી સર્જીકલ
જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧ ,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૯૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨



## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦
વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.
આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી
સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# ગુજરાતમાં ગેરકાયદે કતલખાનાઓ, મટનની દુકાનો પર તવાઇ આવશે

જ્યારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના એક ટોચના નેતાએ અરુણાચલ પ્રદેશમાં સંઘના કેટલાક કાર્યકરો પણ ગૌમાંસનું સેવન કરે છે તેવી વાત જાહેરમાં ઉચ્ચારી ત્યારે એક વાત ચોક્કસ થઇ હતી કે નજીકના ભવિષ્યમાં ગૌમાંસ માટે સંઘની લેબોરેટરી ગણાતા ગુજરાત રાજ્યમાં આ બાબતે કંઇક નવાજુની થશે.અને થોડાક દિવસોમાં ગુજરાતમાં ગૌવંશની ગેરકાયદેસર કતલ તથા હેરફેર અટકાવવા બાબતના કાયદા-નિયમોનો સખ્તાઇથી અમલ કરવા બાબતે રાજ્યના ગૃહવિભાગે નવેસરથી પરિપત્ર બહાર પાડ્યો છે. જેમાં ગેરકાયદેસર ચાલતા કતલખાના,મટન વેચતી દુકાનો તાત્કાલિક રીતે દુર કરવા મહાનગરપાલિકા,નગરપાલિકા સહિતના તંત્રોને જણાવાયું છે.

ગેરકાયદેસર કતલખાનું ચલાવતા સંચાલકોની ગેરકાયદેસર મટન રાખતી દુકાનોની સમયાંતરે તપાસ કરી પશુઓની ગેરકાયદે કતલ તથા હેરાફેરી અટકાવવા મહાનગરપાલિકા,નગરપાલિકા સહિતના તંત્રોને સુચના આપવામાં આવી છે અને આ તંત્રોએ પશુપાલન વિભાગ, વાહન વ્યવહાર વિભાગ તેમજ અન્ય સબંધિત ખાતાઓના સંકલનમાં રહી ગૌવંશના પશુઓનું મટન વેચતી દુકાનો,કતલખાના તાત્કાલિક બંધ કરવા અને તે પુનઃ શરુ ના થાય તે માટે કાળજી લેવા સરકાર દ્વારા જણાવવામાં આવ્યું છે.

સક્ષમ સત્તાધિકારીઓ પાસેથી પરમિટ મેળવ્યા વગર ગૌવંશના પસુઓની તેમજ ગૌમાંસની અને તેની બનાવટોની હેરફેર કરનારા, હેરફેર કરાવનારા વિરુધ્ધ મુંબઇ પશુ સંરક્ષણ અધિનિયમ-૨૦૧૧ ની કલમ ૫,૬ અને ૯ અને ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ-૨૦૧૧ની કલમ૬(ક) ૬(ખ) અન્વયે ગુનો દાખલ કરી જરુરી કાર્યવાહી કરવા તંત્રોને જણાવાયું છે. હેરફેરમાં વપરાયેલ વાહન જપ્તીની તારીખથી ૬ માસ સુધી તથા કોર્ટના ચુકાદા સુધી જપ્ત રાખી શકાશે તેમજ આરોપી કસુરવાર ઠરેથી તેને પચાસ હજાર રુપીયા સુધીનો દંડ સાથે એકથી સાત વર્ષની જેલની સજા થશે.જો મ્યુ.કોર્પો.વિસ્તારમાં ગુનો બન્યો હોય તો બીપીએમસી એક્ટ ૧૯૪૯ની કલમ ૩૨૫ અને ૩૭૬(૧) મુજબ ગુનો નોંધી કાર્યવાહી કરવા તંત્રોને જણાવાયું છે. પશુ ક્રુરતા નિવારણ અધિનિયમ ૧૯૬૦ તથા પ્રાણીઓની હેરફેર અંગેના નિયમો ૧૯૭૮ તેમજ મુંબઇ પસુ સંરક્ષણ અધિનિયમની કલમ -૮ હેઠળ શિક્ષાપાત્ર ગુનો એકથી વધુ વાર કરે,કરાવે, કરાવવાની કોશીશ કરે અથવા મદદગારી કરે તે વ્યક્તિને પાસા માં કુર વ્યક્તિ તરીકેની કેટગરીમાં અટકાયતી પગલાં ભરવા તંત્રોને જણાવાયું છે.

બીપીએમસી એક્ટ-૧૯૪૯,ગુજરાત મ્યુની.એક્ટ -૧૯૬૩ તથા ભારત સરકારના ધ પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ એક્ટના સ્લોટર હાઉસ રુલ્સ અન્વયે રજીસ્ટર્ડ કતલખાના સિવાય પ્રાણીની કતલ થઇ શકતી નથી.એટલે કે ગેરકાયદેસર રીતે જ્યાં કંઇ પણ કતલ થતી હોય ત્યાં ત્વરીત કાર્યવાહી કરવા પણ તંત્રોને જણાવાયું છે.

ટુંકમાં સરકાર કોઇ ખાસ વર્ગના પગે પડી ગઇ હોય તેમ લાગે છે.જેમને માંસાહાર પર ચીડ છે કે તેઓના ધર્મમાં આ બાબતનો બાધ છે.આ ઉપરના કાયદાઓમાં કરેલી જોગવાઇઓ મુજબ કોઇપણ પ્રકારનું માંસ ખાવાની બંધિ આવી જશે. કારણકે સ્લોટર હાઉસ સિવાય અન્યત્ર સ્ત્રોતો દ્વારા જ વધુ માંસનું વેચાણ થાય છે અને માંસાહારી લોકોને તેનો પુરવઠો મળે છે.ટુંકમાં સરકારે માંસાહાર કરતા લોકોના અધિકાર પર તરાપ મારીને તેમના ખાવાના અધિકારો ઝુંટવવાની શરુઆત કરી દીધી છે.

જો કે કૃષિ વિષયક હેતુ માટે ગૌવંશની હેરાફેરી -પરિવહન કરતા પશુપાલકો-વેપારીઓની બિનજરુરી કનડગત આરટીઓ સહિતના તંત્રો દ્વારા ના થાય તે ખાસ ધ્યાને લેવા તાકીદ કરાઇ છે.કૃષિવિષયક અથવા પશુપાલનની હેતુ વ્યાખ્યા ગુજરાત પશુ સંરક્ષણ(સુધારા)નિયમો ૨૦૧૧ના નિયમ ૨(ક)(૩) મુજબ ગણવા જણાવવામાં આવ્યું છે. રેફ્રિજેટેડ ટ્રકમાં માંસનું પરિવહન થતું હોય છે.એટલે ગૌમાંસની ફરિયાદ હોય તો તેનું તાત્કાલિક ચેકીંગ-પરિક્ષણ કરવું, જેથી માંસની નિકાસ કરનારા એક્ષપોર્ટર્સને સુપ્રીમ કોર્ટની ગાઇડ લાઇન મુજબ બિન જરુરી હેરાનગતિ ના થાય એમ પણ સરકાર તરફથી સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

જો કે રોડ રસ્તાઓ પર ગૌમાંસની શંકાને આધારે તંત્રો કરતાં વધુ પડતું ચેકીંગ ખાનગી લોકો દ્વારા થતું હોય છે.જેમાં જીવ દયાને નામે અનેક લોકો રોડપર ચેકીંગ કરતાં હોય છે અને વાહનો થોભાવીને ચેકીંગના નામે હેરાનગતિ કરતાં હોય છે.જેમાં અનેક કિસ્સાઓમાં તંત્રના કેટલાક ભ્રષ્ટ લોકો પણ સાથે હોય છે અને પૈસા પડાવવાના કિસ્સાઓ જાહેર થયા છે.પરવાનગી વાળા વાહનો અને પશુઓને પણ તેઓ પડાવી લેતા હોવાના કિસ્સામાં હાઇકોર્ટમાં કેસો પહોચ્યા છે અને કોર્ટે નુકશાની પેટે વળતર અપાવવાના હુકમો પણ કર્યા છે.તેથી કોઇપણ ગંભીર કાયદા પાલનના ઓઠા હેઠળ કેટલાક ગેરફાયદા પણ હોય છે તેનું તંત્રે ખાસ ધ્યાન રાખવું પડે.દાખલા મુજબ ગુજરાતમાં દારુબંધી છે પરંતુ પોલીસના રક્ષણ અને ભ્રષ્ટાચાર મારફતે આખા ગુજરાતમાં દારુનું વેચાણ થાય છે. તાજેતરમાં ગુજરાતમાં કરોડો રુપીયાનો દારુ પકડાયો છે તેના આંકડા વર્ષવાર જાહેર થતાં એમ લાગે છે કે દારુબંધી માત્ર નામની જ છે

# સંયમ વિનાની વાણી અનેક અનર્થો સર્જે છે

છેલ્લા કેટલાક સમયથી આપણે રાજકારણીઓની સંયમ વગરની વાણી બાબતે સાંભળીએ છીએ.પરિણામે અનેક અનર્થો પેદા થાય છે.પરંતુ તે થવા પાછળ જવાબદાર કોણ છે.દરેક માણસને જુદી જુદી ચીજવસ્તુઓ ખાવાનો શોખ હોય છે.દરેકને જુદો જુદો સ્વાદ હોય છે. આ સ્વાદ જે છે તે જીભ સાથે સીધો સંકળાયેલો છે. આપણા શરીરના દરેક અવયવની પોતાની કામગીરી ઇશ્વરે નિર્મિત કરેલી છે.આંખનું કામ જોવાનું, નાકનું શ્વાસોચ્છવાસ કરવાનું અને મોઢાનું કામ ખાવાનું છે. દાંતનુ કામ ખોરાક ચાવવાનું છે અને જીભનું? જીભનુ મુળ કામ તો મોઢામાના ખોરાકને આઘોપાછો કરીને એમાં લાળ ભેળવવાનું હોય છે.જીભ એ સ્વાદની ઇન્દ્રીય છે.પણ માણસ જાતે જીભનો ઉપયોગ બોલવાની ક્રિયા સાથે જોડ્યો છે.સ્વાદની સાથે સાથે એ ભાષાના ઉચ્ચાર-વાણી માટે પણ વધારાની કામગીરી કરે છે.જીભ-સ્વાદ અને વાચા એમ બેવડી ભુમિકા ભજવે છે.જીભ માટે આપણી ભાષામાં અનેક રૂઢીપ્રયોગો કહેવાતા ઉખાણા મળે છે.પણ આપણે તો એની બોલવાની કર્મેન્દ્રીય તરીકે ન જોતા સ્વાદેન્દ્રીય તરીકે ઓળખવી જોઇએ તો સ્વાદ પારખવાની અને સ્વાદ ચાખવાની કામગીરી માત્ર જીભની જ છે.મોઢામાંથી ગળા નીચે ખોરાક ઉતરે ત્યારથી એના સ્વાદનો અનુભવ પુરો થાય છે.ખાટો-તીખો-તુરો-કડવો-આ બધા જ સ્વાદની પરખ જીભ દ્વારા જ થાય છે.દરેક વ્યક્તિને ખાવા માટે જુદા જુદા સ્વાદ પસંદ હોય છે.બધા જ સ્વાદ બધાને અનુકુળ હોતા નથી.આપણે જે વસ્તુ ચાખીએ છીએ તે રસનેન્દ્રીયથી જે અનુભવ થાયછે. એ સ્વાદ છે સ્વાદનો શોખ હોય, પણ પોતાની શરીરની જરુરીયાત પ્રમાણે જ એને લેવામાં આવે તો વાંધો નથી.સ્વાદ એક એવી બાબત છે,જેને એનો ચટકો લાગે તે એને છોડી શકતો નથી.ઘણી વખત માણસ આવી આંધળી સ્વાદભક્તિ મૃત્યુ સુધી પણ લઇ જતી હોય છે. સ્વાદને જીતવો સહેલી બાબત નથી. ગાંધીજીએ કહ્યું છે : જેણે સ્વાદને જીત્યો નથી એ વિષયને જીતી શકતો નથી, સ્વાદને જીતવો કઠીન છે,પણ એ વિજયની સાથે જ બીજો વિષય સંભવે છે.આપણાં શાસ્ત્રોમાં પણ કહ્યું છે : જેણે રસ જીત્યો તેણે જગતને જીત્યું , એ રીતે સ્વાદના જયનો મહિમા ગાવામાં આવ્યો છે.સ્વાદની શક્તિ અમાપ છે.દરેકને સ્વાદની જરુરીયાત અલગ અને ઓછી વત્તી હોય છે. જીભ ઉપર ઝીણી ઝીણી ફોડકીઓ જેવા સ્વાદઅંકુરો રહેલા છે.એમાંથી નીચલી નાડીઓમાં શાખા જાય છે જેથી જીભ જુદા જુદા સ્વાદ કે રસો ચાખી શકે છે.

કેટલીક વસ્તુઓ આપણને અધિક સ્વાદિષ્ટ લાગતી હોય, એ ખાવામાં પ્રમાણભાન અતિ જરુરી છે.અકરાંતિયાની જેમ ખા ખા કરવાથી તે રોગને આમંત્રણ આપે છે. ભાવતી વસ્તુ વધારે ખાવી એના કરતાં તે ઓછી ખાઇને એનો સ્વાદ માણી શકાય છે.ભાવતી વાનગી પ્રત્યેનો વધારે પડતો ભાવ માણસને મૃત્યુનો માર્ગ ચીંધતો હોય છે.સ્વાદને માણવો એ એક અલગ પ્રક્રિયા છે.અને સ્વાદને પેટમાં મન ફાવે તેમ ભરવો તે બીજી બાબત છે.આપણે જાણીએ છીએ કે જે વસ્તુ પ્રત્યે આપણને વધારે આર્કષણ હોય તે વધારેમાં વધારે દુઃખી કરે છે.આપણા શરીરને અનુકુળ ન હોય છતાંય આપણને એનો સ્વાદ દાઢે લાગ્યો હોય, તો પણ એનો ત્યાગ કરવો એમાં જ આપણું શ્રેય છે.ચીનમાં કહેવત છે : ઓછુ ખાવ-લાંબુ જીવો. આપણા શાસ્ત્રોમાં પણ એ જ વાત ઢોલ વગાડીને કહેવામાં આવી છે.આપણે આગળ કહ્યું એમ જીભને જીતો, જીભને બે રીતે જીતવાની હોય છે. એક તો એનો સ્વાદ અને બીજી એની વાણી. સ્વાદને જીતો તો નિરોગી રહેશો અને વાણી જીતશો તો સંસાર સાથે પ્રેમમય રહેશો.મહાત્મા ગાંધીએ કહ્યું છે : જીભને જીતવી એ બધી જ વસ્તુઓ જીતવા બરાબર છે.જીભ ધારે તો આ વિશ્વનો વિનાશ નોતરી શકે છે.જીભથી આપણો અંત આવી શકે,જીભનો સ્વાદ વિનાશને પણ બોલાવી શકે છે.જે જે વધારે સ્વાદિષ્ટ હોય તેને ઉત્તરોત્તર ખાવું જોઇએ. સ્વાદનો આનંદ લેવો જોઇએ. આપણું પેટ કોઇ ગટર નથી કે ગમે તે અંદર નાખી શકાય.જો એવું થાય તો એના પરિણામ કેવા આવે છે. એનો આપણને અનુભવ છે.

જે કંઇ ખાઇએ છીએ એનો સ્વાદ માત્ર ને માત્ર ભાષા દ્વાર જ થાય છે.જીભ જો સ્વાદ રહિત બની જાય તો આપણને કોઇપણ રસની કશી જ ખબર પડે નહી.જેટલા ખાદ્ય પદાર્થ છે એનો સ્વાદ જીભના આગળના ભાગ સાથે ક્ષણભરના સંયોગથી છે.ગળાની નીચે ઉતર્યો કે સ્વાદિષ્ટ અને સ્વાદહીન ભોજન બંને એક છે.મોઢામાંથી કોળીયો નીચે ઉતરતાંની સાથે જે એનો સ્વાદ આપણે માણી શકતા નથી.એક ક્ષણ માટેનો આનંદ આપણને કેવા કેવા રંગ બતાવતો હોય છે.આપણે જાણીએ છીએ કે જીવનમાં સંયમ મહત્વનો છે. જો આપણે આપણી જીભ ઉપર સંયમ રાખતા શીખી જઇએ તો કોઇપણ પ્રકારનો પ્રશ્ન રહેતો નથી.સ્વભાવ અને સ્વાદને કાબુમાં રાખતા શીખો.સારો સ્વાદ અને સારો સ્વભાવ માણસની ઉંચાઇ વધારે છે.સ્વાદનો સબંધ જીભની જેમ સ્વાસ્થ સાથે પણ છે.વધારે પડતા ચટકા વધારે રોગ નિમંત્રે છે.સ્વાદ પ્રત્યે રાગ હોવો ન જોઇએ.કોઇપણ વસ્તુ પ્રત્યેનો અતિરાગ જીવનને ડુબાડતો હોય છે.આપણે જીવવા માટે ખાવું જોઇએ.ખાવા માટે જીવવાની જરુર નથી.કેટલાક લોકો તો માત્ર ખાવા માટે જ જીવતા હોય એવા અનુભવ થાય છે.એવા લોકોને ઇશ્વર વહેલા બોલાવતો હોય છે.

સ્વામી રામતીર્થે કહ્યું છે : જગતના લોકો જેને મજા અથવા સ્વાદ કહે છે, તે પોતાની ઝેરીલી અસર કર્યા વિના કેવી રીતે રહી શકે ?જેને સ્વાદના ચટકા છે, એ ઝેર સમાન છે. આપણે જે ખાવાની વધારે ઇચ્છા હોય એનો યોગ્ય માત્રામાં જ ઉપયોગ થાય એ જરુરી છે.વધારે ખાઓ-સ્મશાને જાઓ,એવો ઘાટ થાય છે.ડૉ.કિશોરસિંહ સોલંકી(સૌ.સંદેશ)


## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬



## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

